શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-જૂનાગઢ

International Year of Cooperatives

# કિસાન જ્યોત

## ખેડૂત માર્ગદર્શીકા

જૂનાગઢ

### હવામાન આગાહી આધારીત જૂનાગઢ જીલ્લાના ખેડૂતો માટે કૃષિ વિષયક માહિતી

| હવામાન પરિબળો | હવામાન આગાહી આગામી પાંચ દિવસ (તારીખ :- 05 થી 09 નવેમ્બર, 2025) | | | | |
|---|---|---|---|---|---|
| તારીખ | ૫/૧૧ | ૬/૧૧ | ૭/૧૧ | ૮/૧૧ | ૯/૧૧ |
| વરસાદ (મિમી) | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મહત્તમ તાપમાન (સે.ગ્રે) | ૩૩ | ૩૨ | ૩૩ | ૩૩ | ૩૩ |
| લઘુત્તમ તાપમાન (સે.ગ્રે) | ૨૨ | ૨૩ | ૨૩ | ૨૨ | ૨૨ |
| વાદળની સ્થિતિ | અંશતઃ વાદળછાયું | અંશતઃ વાદળછાયું | અંશતઃ વાદળછાયું | અંશતઃ વાદળછાયું | અંશતઃ વાદળછાયું |
| સવારના ભેજના ટકા | ૮૫ | ૮૫ | ૮૦ | ૭૦ | ૭૦ |
| બપોર બાદના ભેજના ટકા | ૭૫ | ૭૫ | ૭૫ | ૭૦ | ૭૦ |
| પવનની ગતિ (કિમી-કલાક) | ૫ | ૬ | ૪ | ૧૦ | ૧૧ |
| પવન દિશા | ૨૫૭ | ૨૨૭ | ૪૮ | ૨૭ | ૨૭ |

## હવામાન આધારિત માહિતી

ભારત સરકારશ્રી ના હવામાન વિભાગ તરફથી મળેલ હવામાન આગાહીની માહિતી અનુસાર જૂનાગઢ કૃષી યુનીવર્સીટી, જૂનાગઢ તરફથી જણાવવામાં આવે છે કે દક્ષિણ સૌરાષ્ટ્ર ખેત આબોહવાકીય વિસ્તારના જૂનાગઢ જીલ્લામાં આગામી તારીખ **૦૫** થી **૦૯** નવેમ્બર દરમ્યાન આકાશ અંશતઃ વાદળછાયું રહેશે, જીલ્લામાં આગામી પાંચ દિવસ દરમ્યાન વરસાદની શક્યતાઓ નથી. પવનની ઝડપ **૪** થી **૧૧** કિમી પ્રતિ કલાક રહેવાની શક્યતાઓ રહેશે. આ સમયગાળામાં મહત્તમ તાપમાન **૩૨** થી **૩૩** ડીગ્રી સેન્ટીગ્રેડ રહેશે તેમજ લઘુત્તમ તાપમાન **૨૨-૨૩** ડીગ્રી સેન્ટીગ્રેડ રહેવાની સંભાવનાઓ છે

# સાવચેતીના પગલા



- પાક પર જીવાત અને રોગો માટે સતત નિરીક્ષણ કરવું જોઈએ. ખેડૂતોને જંતુનાશકનો ઉપયોગ અને પાક સંબંધિત અન્ય માહિતી માટે નજીકના કૃષિ વિજ્ઞાન કેન્દ્રની સલાહ લેવી જોઈએ.
- પાકમાં ફૂગનાશક, રોગનાશક, કીટનાશક અને ખાતર આપવાની કામગીરી કરવી
- ચોમાસું પાકોની પરિપક્વ અવસ્થાએ કાપણી અને લણણીની કામગીરી કરવી
- આગામી શિયાળું પાકોના વાવેતર માટે ખેત આયોજન કરવુ તે મુજબ બીયારણ, ખાતર અને દવાનો પુરવઠો મેળવી લેવો.
- કમ્પોસ્ટ, દેશી ખાતર અને જીપ્સમ ભલામણ મુજબ ચાસમાં ભરવા
- ચોખ્ખાં હવામાન સમયગાળા દરમિયાન જે વિસ્તારમાં મગફળી તેમજ અન્ય ખરીફ પાકોની કાપણી કરવામાં આવેલ છે ત્યાં સમયસર થ્રેશીંગ કરીને ઉત્પાદનને સલામત જગ્યાએ સંગ્રહવાની વ્યવસ્થા કરવી

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-જૂનાગઢ ના દૈનિક ભાવ તેમજ માહિતી રોજેરોજ મેળવવા માટે નીચે આપેલ લોગો ઉપર ક્લીક કરી અમારા એકાઉન્ટ ને ફોલો કરો**

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
| --- | --- | --- | --- |
| **ચોમાસું મગફળી** | ડોડવા<br>વિકાસ<br>પરિપક્વ | મુંડા<br>ગેરુ<br>લશ્કરી ઈયળ<br>લીલી ઈયળ | ➤ રાસાયણિક દવાના હાનીકારક અવશેષો પાકની કાપણીની અવસ્થાએ રહેતા હોઈ કોઈપણ રાસાયણિક દવાઓનો છંટકાવ કરવો હિતાવહ નથી<br>➤ દેહધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણીની કામગીરી કરવી |
| **કપાસ** | ફૂલ<br>જીંડવા | લીલા તડતડીયા<br>ગુલાબી ઈયળ<br>પન્ના ટપકાના રોગ | ➤ કપાસના પાકમાં ફૂગનાશક, રોગનાશક, કીટનાશક અને ખાતર આપવાની કામગીરી ચોખ્ખાં હવામાન સમયગાળા દરમિયાન કરવી<br>➤ પાકને જરૂરિયાત મુજબ પિયત આપવાની કામગીરી કરવી<br>➤ ફૂલ અવસ્થાથી ગુલાબી ઈયળની મોજણીની શરૂઆત કરવી. જો છોડ પર બંધ પાંખડીવાળા ફૂલ જોવા મળે તો એને વીણી લઇ તેનો નાશ કરવો<br>➤ એક એકર વિસ્તાર માંથી ૨૦ લીલા જીંડવા તોડી ગુલાબી ઈયળની ક્ષમ્યમાત્રાની ચકાસણી કરવી<br>➤ ગુલાબી ઈયળની ક્ષમ્યમાત્રા, ૧૦% નુકશાન કરેલ ફૂલ અથવા ૧૦% નુકશાન કરેલ જીંડવા અથવા ૮ નર ફૂદા પકડાયેલા/ટ્રેપ/રાત્રી સતત ૩ દિવસ માટે છે<br>➤ જો ગુલાબી ઈયળ ક્ષમ્યમાત્રા વટાવે તો, થાયોડીકાર્બ ૭૫ ડબ્લ્યુ. પી. ૨૦ ગ્રામ અથવા ક્વીનાલફોસ ૨૦ એ. ફ. ૨૦ મી.લી./૧૦ લીટર પાણીમાં ભેળવી પાક પર છંટકાવ કરવો<br>➤ બર્ડ પર્ચીસ ગોઠવવા<br>➤ ખરેલા ફૂલ, ચાંપવા અને જીંડવાને એકત્રિત કરી નાશ કરવો |
| **સોયાબીન** | શીંગ<br>વિકાસ<br>પરિપક્વ | | ➤ રાસાયણિક દવાના હાનીકારક અવશેષો પાકની કાપણીની અવસ્થાએ રહેતા હોઈ કોઈપણ રાસાયણિક દવાઓનો છંટકાવ કરવો હિતાવહ નથી<br>➤ દેહ ધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| અડદ | શીંગ<br>વિકાસ<br>પરિપક્વ | | ➤ રાસાયણિક દવાના હાનીકારક અવશેષો પાકની કાપણીની અવસ્થાએ રહેતા હોઈ કોઈપણ રાસાયણિક દવાઓનો છંટકાવ કરવો હિતાવહ નથી<br>➤ દેહ ધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |
| મગ | શીંગ<br>વિકાસ<br>પરિપક્વ | | ➤ રાસાયણિક દવાના હાનીકારક અવશેષો પાકની કાપણીની અવસ્થાએ રહેતા હોઈ કોઈપણ રાસાયણિક દવાઓનો છંટકાવ કરવો હિતાવહ નથી<br>➤ દેહ ધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |
| તલ | બયધા<br>વિકાસ<br>પરિપક્વ | | ➤ રાસાયણિક દવાના હાનીકારક અવશેષો પાકની કાપણીની અવસ્થાએ રહેતા હોઈ કોઈપણ રાસાયણિક દવાઓનો છંટકાવ કરવો હિતાવહ નથી<br>➤ દેહ ધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |
| તુવેર | વૃદ્ધિ | શીન્ગોને કોરી ખાનાર અને ચુસીયા જીવાત | ➤ પાકમાં ફૂગનાશક, રોગનાશક, નિંદામણ નાશક, કીટનાશક આપવાની કામગીરી ચોખ્ખા હવામાન પરિસ્થિતિ દરમિયાન કરવી<br>➤ દેહ ધાર્મિક પરિપક્વ અવસ્થાએ કાપણી ની કામગીરી કરવી |
| શાકભાજી | વૃદ્ધિ<br>ફૂલ<br>ફળ | | ➤ શાકભાજીના પાકોને નિંદામણ મુક્ત કરવું શાકભાજી ને સમયસર ઉતારી ગ્રેડિંગ કરી બજાર માં મુકવા |

| પાકનું નામ | પાક અવસ્થા | રોગ, જીવાત જાત | કૃષિ સલાહ |
| --- | --- | --- | --- |
| પશુપાલન | | | ➤ પશુઓને યોગ્ય આહાર આપવો & પીવા માટે ચોખ્ખું પાણી આપવું અને પશુઓના રહેઠાણ ચોખ્ખા રાખવા<br>➤ માખી મચ્છરથી રક્ષણ માટે ફીનાઈલ છાટવું<br>➤ પશુઓને યોગ્ય આહારમાં ખનિજયુક્ત મિશ્રણ સાથે સંગ્રહિત ચારા આપો. ચારા ને સલામત સ્થળે સંગ્રહિત કરવો જોઈએ<br>➤ ચારા માટે ચાફ કટર વાપરો<br>➤ પશુઓમાં ઈતરડીના નિયંત્રણ માટે ડેલ્ટામેથ્રીન અથવા એમીટાઝ ૨ મીલી/ ૧ લીટર પાણીમાં નાખીને છાટવી<br>➤ દુધાળા પશુઓના આઉને ઝીંક ઓક્સાઈડ અથલા બોરીક પાવડરથીબરાબર સાફ કરવા<br>➤ ચોમાસા દરમિયાન ફુટ એન્ડ માઉથ ડિસીઝ (એફ.એમ.ડી.), હેમોરહેજિક સેપ્ટિસેમિયા (એચ.એસ.) અને બ્લેક ક્વાર્ટર (બી.ક્યુ.) જેવા |

